જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૪/૨૦૧૭ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-**  **સમાચાર યાદી નં.૮૧૯/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૮૨૭ લીટર દેશી દારૂ, ૨૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૫ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૧૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-**  **સમાચાર યાદી નં.૮૨૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-**  **સમાચાર યાદી નં.૮૨૧/૧૭**

**સરદારનગરઃ** સુનિલ બસતરામ ગીદવાણી (રહે. ડી વોર્ડ કુબેરનગર સરદારનગર) એ તા.૧૮/૪/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૪/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૧૮/૪/૧૭ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી જે ખરસાણ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-**  **સમાચાર યાદી નં.૮૨૨/૧૭**

**ઘાટલોડીયાઃ** ધ્યાનેશ હિરાલાલ ગોરડીયા (ઉ.વ.૩૫) (રહે. સન પાવર ફ્લેટ વિશ્રામનગર ગુરૂકુળ રોડ મેમનગર) તા.૧૮/૪/૧૭ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં ગિઝરને અડતા વિજ કરંટ લાગતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સોલા સીવીલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ ધ્યાનેશ ગોરડીયા મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૨૩/૧૭</u>**

**ઘાટલોડીયાઃ** ઘાટલોડીયા કે.કે.નગર ૨૪૩/સે-૩ ખાતે ભાડાના મકાનમાં રહેતા અતુલભાઇ ઇશ્વરભાઇ ખત્રી (ઉ.વ.૩૦) એ અગમ્ય કારણસર તા.૧૮/૪/૧૭ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે ઘરમાં આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશસિહ દશરથસિહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)